ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા. ૨૯.૦૭.૨૦૧૮

--------------------

**લોકસભા ચૂંટણીના સંદર્ભમાં આજે "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ ભાજપનો એક દિવસીય વર્કશોપ યોજાયો**

--------------------

**૨૦૧૯ની ચૂંટણી એ દેશના ગૌરવ તેમજ દેશના સાર્વભૌમત્વની રક્ષા માટેનું યુધ્ધ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------------

**સંગઠન, સંકલન, સમન્વય અને યોગ્ય વ્યવસ્થાનો ઉપયોગ કરીને ગુજરાત ભાજપાનો કાર્યકર અપેક્ષિત પરિણામ લાવવા હંમેશા કટિબધ્ધ હોય છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------------

**૨૦૧૪ પછીની દેશની તમામ ચૂંટણીઓમાં ભાજપાનો વિજય દર્શાવે છે કે, દેશના લોકોને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સંપૂર્ણ ભરોસો છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

--------------------

**પારદર્શક શાસન વ્યવસ્થા અને ભ્રષ્ટાચારવિહિન રાજનીતિ અને પોલીટીક્સ ઓફ પર્ફોમન્સ એ ભાજપાની ઓળખ છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

--------------------

**આપણી પાસે નરેન્દ્રભાઇ મોદી જેવું સક્ષમ નેતૃત્વ છે, સાફ નિયત છે, પ્રજાનો વિશ્વાસ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

--------------------

**ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનો પુનઃ વિજય નિશ્ચિત છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

--------------------

**કોંગ્રેસ અને વિપક્ષો પાસે કોઇ નેતા નથી, નિયત નથી, કાર્યકર્તા નથી કે કોઇ વિચારધારા નથી. ધણીધોરી વગરની કોંગ્રેસ હતાશા અને નિરાશામાં ગરકાવ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

--------------------

**વિદેશમાં જઇ દેશનું અપમાન, સેનાના જવાનોનું અપમાન, સંસદમાં અશોભનિય વર્તન અને સંસદ બહાર નિમ્ન કક્ષાની રાજનીતિ એ કોંગ્રેસ અને વિપક્ષોની ઓળખાણ બની ગઇ છે - શ્રી વી. સતીષજી**

--------------------

આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં પ્રદેશ સ્તરનો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે આજની આ કાર્યશાળા યોજવામાં આવી છે. યુધ્ધ પહેલાના શાંતિના સમયમાં જે પક્ષ સુવ્યવસ્થિત આયોજન અને તૈયારી કરે તે પક્ષ યુધ્ધ આસાનીથી જીતી શકે છે. આ કાર્યશાળામાં ઉપસ્થિત નવનિયુક્ત પ્રભારી ટીમે પ્રત્યેક લોકસભામાં બૂથ સુધીના કાર્યકર સાથે યોગ્ય સંકલન કરીને એક ઉત્તમ વ્યવસ્થા દ્વારા ચૂંટણી જીતવાની દિશામાં કાર્ય કરવાનું છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી એક વૈચારિક લડાઇ છે. ૨૦૧૯ની ચૂંટણી એ દેશના ગૌરવ તેમજ દેશના સાર્વભૌમત્વની રક્ષા માટેનું યુધ્ધ છે. સંગઠન, સંકલન, સમન્વય અને યોગ્ય વ્યવસ્થાનો ઉપયોગ કરીને ગુજરાત ભાજપાનો કાર્યકર અપેક્ષિત પરિણામ લાવવા હંમેશા કટિબધ્ધ હોય છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ જેવા ગુજરાતના સપૂત જ્યારે દેશનું નેતૃત્વ કરતા હોય ત્યારે એક ગુજરાતી તરીકે તથા ભાજપાના કાર્યકર તરીકે આપણી જવાબદારી વધી જાય છે. છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ દ્વારા સતત ભ્રમ ફેલાવીને પ્રજાને ભયભીત કરવાનું વાતાવરણ ઉભુ કરવાનું મલીન કાર્ય કરવામાં આવી રહ્યું છે. ત્યારે આવા સમયે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા થયેલા પ્રજાકલ્યાણના નક્કર કાર્યોને લોકો સુધી પહોચાડી ફરીથી ગુજરાતની તમામ લોકસભા સીટો પર ભાજપાના ઉમેદવારોને વિજયી બનાવવા કટિબધ્ધ બનીએ.

રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવે તેમના વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે, તમામ વિપક્ષો એક છે એવો ભ્રમ કોંગ્રેસ અને વિપક્ષો દ્વારા છેલ્લા કેટલાય સમયથી ફેલાવવામાં આવી રહ્યો હતો. પરંતુ સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન વખતે એનડીએનું સંખ્યાબળ ૩૧૫ હોવા છતાં અને શીવસેનાની ગેરહાજરી હોવા છતાં ૩૨૫ મતથી કેન્દ્ર સરકારે વિશ્વાસનો મત મેળવ્યો હતો. જેથી વિપક્ષી એકતાનો ફૂગ્ગો ફૂટી ગયો હતો. પારદર્શક શાસન વ્યવસ્થા અને ભ્રષ્ટાચારવિહિન રાજનીતિ અને પોલીટીક્સ ઓફ પર્ફોમન્સ એ ભાજપાની ઓળખ છે. ૨૦૧૪ પછીની દેશની તમામ ચૂંટણીઓમાં ભાજપાનો વિજય દર્શાવે છે કે, દેશના લોકોને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સંપૂર્ણ ભરોસો છે. ગુજરાતની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસ દ્વારા જ્ઞાતિવાદ, જાતિવાદ ભડકાવી નીમ્ન કક્ષાના પ્રત્નો કરવામાં આવ્યા હતા છતાં પણ સતત છઠ્ઠી વખત ભાજપાનો ગુજરાતમાં વિજય થયો જે જનતાનો વિશ્વાસ, સરકારની ઉત્કૃષ્ટ કામગીરી અને કાર્યકરોના અથાગ પરિશ્રમને આભારી છે.

શ્રી યાદવે જણાવ્યુ હતુ કે, આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ કાર્યયોજના બનાવવામાં આવી છે. જે અંતર્ગત લોકસભા બેઠકદિઠ પ્રભારીઓની ટીમ બનાવવામાં આવી છે. જે આગામી દિવસોમાં પોતાને સોંપાયેલા લોકસભા ક્ષેત્રોમાં જઇ કાર્યકર્તાઓ સાથે સંકલન કરી ચૂંટણી જીતવાની રણનીતિ બનાવશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સમાપનસત્ર સંબોધતા જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી એ દેશની દિશા નક્કી કરવા માટેની મહત્વની ચૂંટણી છે તેમજ વર્ષોથી ભાજપાના હજારો કાર્યકર્તાઓએ ત્યાગ, તપ અને બલીદાન આપી દેશ માટે જે સપનુ જોયુ હતુ તે સાકાર કરવા માટેની અંતિમ લડાઇ છે. આપણી પાસે નરેન્દ્રભાઇ મોદી જેવું સક્ષમ નેતૃત્વ છે, સાફ નિયત છે, પ્રજાનો વિશ્વાસ છે. રાષ્ટ્રવાદી વિચારધારા અને લોકકલ્યાણકારી નીતિઓનું આ ભાથું લઇ આપણે પ્રજા વચ્ચે જવાનું છે. જ્યારે કોંગ્રેસ અને વિપક્ષો પાસે કોઇ નેતા નથી, નિયત નથી, કાર્યકર્તા નથી કે કોઇ વિચારધારા નથી. વિપક્ષી ગઠબંધનમાં વડાપ્રધાનના ઉમેદવાર માટેની લડાઇ અને હરિફાઇ જામી છે. ચૂંટણી નજીક આવતા - આવતા વિપક્ષી ગઠબંધન વેરવિખેર થઇ જવાનું છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં કોંગ્રેસની આજની પરિસ્થિતિ જોતાં સ્પષ્ટ દેખાય છે કે, તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનો પુનઃ વિજય નિશ્ચિત છે. કોંગ્રેસ અત્યારે ધણીધોરી વગરની બની ગઇ છે. કોંગ્રેસ હતાશા અને નિરાશામાં ગરકાવ છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની તમામ પેટા ચૂંટણીઓ આપણે જીત્યા છીએ. કોંગ્રેસ શાસિત જીલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોમાં પણ ભાજપાનું શાસન સ્થપાયુ છે. ત્યારે કોંગ્રેસની નકારાત્મકતા, જુઠ્ઠાણાઓ અને અપપ્રચાર સામે આપણી સાચી વાત, લોકકલ્યાણકારી યોજનાઓ અને ભ્રષ્ટાચારવિહિન પારદર્શક શાસનની વાત લોકો સુધી પહોચાડવાની છે. ભાજપા તમામ વર્ગ અને તમામ સમાજની પાર્ટી છે. ભાજપાની તાકાત એ ભાજપાનું

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




સંગઠન છે. કાર્યકર્તા આ સંગઠનનો પ્રાણ છે. આગામી લોકસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય સ્તરથી લઇ બૂથ સુધીના તમામ કાર્યકર્તાઓ સક્રિય બની અને અર્જુનને જેમ એકજ આંખ દેખાય તે રીતે વિજયના નિશ્ચિત લક્ષ્ય સાથે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવા સજ્જ થયા છીએ ત્યારે ભારત ફરીથી વિશ્વગુરુ બને તેવા દ્રઢ સંકલ્પ સાથે લોકસભા ચૂંટણીઓની તૈયાર આજથી જ ચાલુ કરી દેવા હાકલ કરી હતી.

રાષ્ટ્રીય સહસંગઠન મંત્રીશ્રી વી.સતીષજીએ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનું મહત્વ સમજાવતાં જણાવ્યુ હતુ કે, ભારતના રાજનૈતિક ઈતિહાસમાં વિપક્ષોને આટલા હતાશ, નિરાશ, અસંતુલિત અને અવિવેકી ક્યારેય દેશવાસીઓએ જોયા નથી. વિદેશમાં દેશનું સન્માન કરવાને બદલે અપમાન, સેનાના જવાનોનું અપમાન, સંસદમાં અશોભનિય વર્તન અને સંસદ બહાર નિમ્ન કક્ષાની રાજનીતિ એ કોંગ્રેસ અને વિપક્ષોની ઓળખાણ બની ગઇ છે. જ્યારે સૌમ્ય વાણી, વર્તન અને વિવેકપૂર્ણ વ્યવહાર એ ભાજપાના સંસ્કાર છે. ભાજપા પ્રત્યે દેશના લોકોને સન્માન છે. રાષ્ટ્રવિકાસ અને રાષ્ટ્રનિર્માણ માટે આવનારી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ખૂબજ મહત્વની છે. છેલ્લા ૨૨ વર્ષથી રાષ્ટ્રનિર્માણના ભગીરથ કાર્યમાં ગુજરાતે સવિશેષ જવાબદારી નિભાવી છે ત્યારે લોકસભા પ્રભારી ટીમ લોકસભા ક્ષેત્રોમાં જઇ કાર્યકર્તાઓને મળી આંકલન - સંકલન કરી ગુજરાતના પ્રત્યેક બૂથમાં ભાજપાનો વિજય થાય તે પ્રકારની કાર્યયોજના બનાવે.

પ્રદેશ ભાજપા સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઇ દલસાણીયાએ પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા લોકસભા પ્રભારી ટીમની કાર્યપધ્ધતિ, કાર્યયોજનાઓ, બૂથ સશક્તિકરણ યોજના વગેરે બાબતો વિશે વિસ્તૃત જાણકારી આપતાં જણાવ્યુ હતુ કે, લોકસભા પ્રભારી ટીમ આગામી મહિનામાં પોતાને સોંપાયેલ લોકસભા બેઠકનો ત્રણ દિવસીય પ્રવાસ કરી મંડલના કાર્યકર્તાઓ સાથે બેઠક કરી સંગઠનલક્ષી કામગીરી બાબતે તેમજ પેજપ્રમુખ વ્યવસ્થા તથા બૂથ મેનેજમેન્ટ બાબતે ચર્ચા વિચારણા કરશે. તે ઉપરાંત લોકસભા દીઠ વિસ્તારકોની યાદી, લીગલ ટીમ, સોશીયલ મીડિયા ટીમ વગેરે જેવી વ્યવસ્થા સુગઠીત કરવાનું કાર્ય લોકસભા પ્રભારી ટીમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ